37

ડો.બાબા સાહેબ આંબેડકર ભવન,
પાલનપુર,જિ. બનાસકાંઠાના ઇલેક્ટ્રીફીકેશન
રીનોવેશન કામને ખર્ચ કરવાની મંજુરી
આપવા બાબત.

ગુજરાત સરકાર
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંક-અબડ-૧૦૯૮-૧૦૯૯-૨૦૦૦-નબા-૪-ગ
સચિવાલય,ગાંધીનગર
તારીખ: ૧૪/૧૦/૨૦૧૬

વંચાણે લીધા :-

(૧) નિયામકશ્રી,અનુસુચિત જાતિ કલ્યાણના તા. ૧૪/૦૯/૨૦૧૬ ના પત્ર ક્રમાંક –અજાક-મ-૪-૧૮૨-૨૦૧૬-૪૯૬૩

ઠરાવ :-

ડો.બાબા સાહેબ આંબેડકર ભવન, પાલનપુર,જિ. બનાસકાંઠાના ઇલેક્ટ્રીફીકેશન રીનોવેશન કામને ખર્ચ કરવાની મંજુરી આપવા બાબતે આમુખ ક્રમાંક: ૧ માં નિયામકશ્રી, અજાક ના તા. ૧૪/૦૯/૨૦૧૬ ના પત્ર થી દરખાસ્ત રજુ કરેલ. જેને રૂ.૧૦,૯૭,૪૭૬/-(અંકે રૂપિયા દશ લાખ સત્તાણું હજાર ચારસો છોતેર પુરા) ખર્ચ કરવાની મંજુરી આપવાની બાબતે સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

વર્ષ ૨૦૧૬-૧૭ માં કુલ રૂ.૧૨.૦૧ કરોડની જોગવાઇ મંજુર થયેલ હોઇ, સદરહુ બજેટ સદર હેઠળ ચાલુ વર્ષની મંજુરી થયેલ ગ્રાન્ટ માંથી ડો.બાબા સાહેબ આંબેડકર ભવન, પાલનપુર,જિ. બનાસકાંઠાના ઇલેક્ટ્રીફીકેશન રીનોવેશન કામ માટે રૂ.૧૦,૯૭,૪૭૬/-(અંકે રૂપિયા દશ લાખ સત્તાણું હજાર ચારસો છોતેર પુરા)નો ખર્ચ કરવાની આથી મંજુરી આપવામાં આવે છે.

આ અંગેનુ ખર્ચ અંદાજપત્રના મુખ્ય સદર-૪૨૨૫,અનુસુચિત જાતિઓ, આદિજાતિઓ અને અન્ય પછાત વર્ગોના કલ્યાણ અંગે મૂડી ખર્ચ જોગવાઇ,પેટા મુખ્ય સદર-૦૩-પછાતવર્ગોનુ કલ્યાણ ગૌણ સદર-૮૦૦-અન્ય ખર્ચ, પેટા સદર-(૦૧)-બીસીકે-૪૯-ડો.બાબાસાહેબ આંબેડકર ભવન બાંધકામ હેઠળ ઉધારવુ અને તે હેઠળ થયેલ જોગવાઇમાંથી મેળવવાનું રહેશે.

આ ઠરાવ સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં વિભાગની તા.૨૮-૦૯-૨૦૧૬ ની મળેલ મંજુરી થી બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(વિષ્ણુ પટેલ)
ઉપસચિવ,
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,
માન.મંત્રીશ્રી (સા.ન્યા) ના અંગત સચિવશ્રી,સચિવાલય ,ગાંધીનગર
અગ્ર સચિવશ્રી,નાણાં વિભાગ,સચિવાલય,ગાંધીનગર
અગ્ર સચિવશ્રી,માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય,ગાંધીનગર
નાણાં સલાહકારશ્રી (સા.ન્યા), માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય,ગાંધીનગર
કાર્યપાલક ઇજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ , પાલનપુર, જિ. બનાસકાંઠા.
નિયામકશ્રી,અનુસુચિત જાતિ કલ્યાણ ,ડો.જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર
એકાઉન્ટન્ટ જનરલ અમદાવાદ / રાજકોટ
નિવાસી ઓડીટ અધિકારીશ્રી,ગાંધીનગર
જીલ્લા તિજોરી અધિકારીશ્રી, પાલનપુર,જિ. બનાસકાંઠા.
નાયબ નિયામકશ્રી,અનુસુચિત જાતિ કલ્યાણ ની કચેરી, પાલનપુર,જિ. બનાસકાંઠા.
જીલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી (પંચાયત) જીલ્લા પંચાયત પાલનપુર, જિ. બનાસકાંઠા.
સેક્શન અધિકારીશ્રી, કમ્પ્યુટર સેલ (સા.ન્યા) વિભાગની વેબ સાઇટ પર મુકવા વિનંતી
સીલેક્ટ ફાઇલ